For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### પૂર્વ વિસ્તારમાં વધારાનું 50 MLD પાણી અપાશે, ટેન્કર પરની નિર્ભરતા ઘટશે

# વાઈબ્રન્ટ ગુજરાત સમિટ માટે પાલિકા સજ્જ, પાણી-ડ્રેનેજથી લઈ નવી ઈ-બસ સુધીના પ્રોજેક્ટ્સને વેગ

**98 ટકા** પ્રી-મોન્સૂન કામગીરી પૂર્ણ, શહેરના બ્યુટીફિકેશન પર ખાસ ધ્યાન



(પ્રતિનિધિ) વડોદરા, તા.23

વડોદરા મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે મ્યુનિસિપલ કમિશનરના અધ્યક્ષસ્થાને યોજાયેલી સાપ્તાહિક રીવ્યુ બેઠકમાં શહેરના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ, પાણી પુરવઠો, ડ્રેનેજ વ્યવસ્થા, પ્રી-મોન્સૂન કામગીરી અને આગામી 'વાઈબ્રન્ટ ગુજરાત વડોદરા સમિટ'ની તૈયારીઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં તમામ વિભાગોના વડાઓ અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કમિશનરે વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા કરીને સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવા જરૂરી સૂચનાઓ આપી હતી.

મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે આગામી 29 અને 30 જૂનના રોજ વડોદરામાં રીજનલ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ યોજાનાર છે. સમિટને ધ્યાનમાં રાખીને શહેરના એરપોર્ટ, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન અને મુખ્ય માર્ગો પર સફાઈ, દબાણ હટાવવાની ઝુંબેશ, ગ્રીનરી, લાઈટિંગ અને શહેરના સૌંદર્યીકરણની કામગીરીને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. સમિટ દરમિયાન અર્બન ડેવલપમેન્ટ વિભાગ દ્વારા બે કલાકનો વિશેષ સેમિનાર યોજાશે, જેમાં હાઈ-સ્પીડ કોરિડોર, એરિયા ડેવલપમેન્ટ અને શહેરી વિકાસના વિવિધ મુદ્દાઓ પર નિષ્ણાતો ચર્ચા કરશે. આ ઉપરાંત વડોદરાના વારસા અને વિકાસયાત્રાને રજૂ કરતી કોફી ટેબલ બુક તેમજ હેરિટેજ સ્ટ્રક્ચર્સ પર આધારિત વિશેષ પ્રકાશનનું લોન્ચિંગ પણ કરવામાં આવશે.

શહેરના પૂર્વ વિસ્તારમાં લાંબા સમયથી ચાલતી ઓછા પ્રેશર અને ગંદા પાણીની સમસ્યાના ઉકેલ માટે આજવા ખાતે 125 MLD ક્ષમતાવાળી નવી પાણી લાઈનનું કામ પૂર્ણતાના આરે છે. ટૂંક સમયમાં વોર્ડ નં. 4, 13, 14 અને 15માં વધારાનું 50 MLD પાણી પહોંચાડવામાં આવશે. જેના કારણે ટેન્કર પરની નિર્ભરતા ઘટશે અને હજારો નાગરિકોને રાહત મળશે. બાકીનું 75 MLD પાણી ડિસેમ્બર સુધીમાં કાર્યરત કરવાનું આયોજન છે. પશ્ચિમ વિસ્તાર માટે સિંધરોટ ખાતે 150 MLDના નવા જળસ્ત્રોતનું આયોજન પણ હાથ ધરાયું છે. ગેરકાયદેસર પાણી જોડાણો સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે.

ચોમાસાને ધ્યાનમાં રાખીને ચાલી રહેલી પ્રી-મોન્સૂન કામગીરીમાં 98 ટકા કામ પૂર્ણ થઈ ગયું હોવાનું બેઠકમાં જણાવાયું હતું. વોટર લોગિંગ, ડ્રેનેજ ચોકઅપ અને માર્ગોની સમસ્યાઓ ટાળવા બાકી રહેલા કામો ઝડપથી પૂર્ણ કરવા અધિકારીઓને આદેશ આપવામાં આવ્યા છે. ઉપરાંત શાળાઓ અને આંગણવાડીઓમાં નળ, વીજળી અને અન્ય માળખાકીય સુવિધાઓની ખામીઓ પણ તાત્કાલિક દૂર કરવામાં આવશે.

બેઠકમાં શહેરના ભવિષ્યના વિકાસ પ્રોજેક્ટ્સ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. ટૂંક સમયમાં નવી PM-eBus સેવાનું લોન્ચિંગ કરવામાં આવશે. સાથે આધુનિક લાઈબ્રેરી, નવી આંગણવાડીઓ, અંડરબ્રિજ, સ્વિમિંગ પૂલ, ઓડિટોરિયમ, સ્પોર્ટ્સ સ્ટેડિયમ અને નવી વોર્ડ કચેરીઓના પ્રોજેક્ટને પણ વેગ આપવામાં આવ્યો છે. મહિલાઓ માટે વર્કિંગ વુમેન હોસ્ટેલ, સિનિયર સિટીઝન હોમ, ક્રેશ સેન્ટર અને નેચરલ ફાર્મિંગ માર્કેટ જેવી સામાજિક સુવિધાઓ ઊભી કરવા માટે પણ આયોજન આગળ ધપાવવામાં આવી રહ્યું છે.

## વડોદરાના આકાશમાં ખીલ્યું સપ્તરંગી મેઘધનુષ



■ જા ની વા લી પી ના રા'નો અદભુત નજારો વડોદરાના આકાશમાં જોવા મળ્યો. વરસાદ બાદ સર્જાયેલા સપ્તરંગી મેઘધનુષે શહેરીજનોને મંત્રમુગ્ધ કરી દીધા. ફતેગંજ, અકોટા, માંજલપુર સહિત અનેક વિસ્તારોમાં લોકો ઘરની બહાર આવી આ કુદરતી સૌંદર્ય નિહાળવા ઉમટી પડ્યા હતા. મેઘધનુષની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થયા હતા.

# દિવાળીપુરા કોર્ટ પાછળ રહેતા સગીરનુ શખ્સ દ્વારા અપહરણ

**સગીર** મોડી રાત સુધી ઘરે પરત ન ફરતા પરિવાર ચિંતિત બન્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેરના દિવાળીપુરા કોર્ટ પાછળ રહેતા એક સગીર યુવકના ગુમ થવાની ઘટનામાં તેના પિતાએ પુત્રનુ અપહરણની શંકા વ્યક્ત કરતાં પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પરિવારજનોએ મિત્રો તેમજ સગા-સંબંધીઓના ઘરે શોધખોળ હાથ ધરી હોવા છતાં સગીરની કોઈ ભાળ મળી ન આવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

વડોદરા શહેરના દિવાળીપુરા કોર્ટ પાછળ રહેતા અને હરીનગર બ્રિજ પાસે આવેલી ખાનગી કંપનીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા એક વ્યક્તિએ પોતાના સગીર પુત્રના ગુમ થવા અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, ગત તા. 11 જૂન 2026ના રોજ સવારે આશરે 9:30 વાગ્યે તેમનો પુત્ર કામ પર જવાનું કહી ઘરેથી નીકળ્યો હતો. જોકે દિવસભર બાદ પણ તે ઘરે પરત ફર્યો ન હતો.


સાંજ સુધી પુત્ર ઘરે ન આવતા પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી. મિત્રો, ઓળખીતાઓ તેમજ સગા-સંબંધીઓના ઘરે તપાસ કરવામાં આવી હતી, પરંતુ તેની કોઈ ભાળ મળી ન હતી. વધુમાં સગીરનો મોબાઈલ ફોન પણ બંધ આવતો હોવાથી પરિવારની ચિંતા વધી ગઈ હતી. પરિવાર દ્વારા વિવિધ સ્થળોએ તપાસ કરવા છતાં સગીરનો કોઈ પત્તો ન લાગતા તેના પિતાએ શંકા વ્યક્ત કરી હતી કે કોઈ અજાણ્યા વ્યક્તિએ તેમના પુત્રને પટાવી લાલચ આપી અથવા અન્ય કોઈ રીતે વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હોઈ શકે છે.

પોલીસે પિતાની ફરિયાદના આધારે અપહરણનો ગુનો નોંધી સગીરની શોધખોળ શરૂ કરી છે. સાથે જ સગીર ક્યાં ગયો અને તેની સાથે કોઈ અનિચ્છનીય ઘટના બની છે કે કેમ તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

### અજાણ્યા વાહન સાથે પાછળથી અથડાતા ટેમ્પોની કેબિનનો કચ્ચરઘાણ

# કરજણ હાઈવે પર દૂધના ટેમ્પાનો ગોઝારો અકસ્માત, ડ્રાઈવરનું મોત; કન્ડકટરનો જીવ બચ્યો

**ફાયર** ટીમે દોઢ કલાકની જહેમત બાદ કન્ડકટરને બહાર કાઢ્યો



(પ્રતિનિધિ) વડોદરા,તા.23

વહેલી પરોઢે જ્યારે આખું શહેર નિંદ્રાધીન હતું, ત્યારે વડોદરા નજીકના કરજણ હાઈવે પર મોતનો તાંડવ ખેલાયો હતો. NH-48 પર દેથાણ નજીક પ્લેઝર ઈન્ડિયા કંપની પાસે આજે સવારે 3:45 વાગ્યે સર્જાયેલા ગોઝારા અકસ્માતે એક પરિવારનો આધાર છીનવી લીધો, તો બીજાને નવજીવન બક્ષ્યું છે.

મહારાષ્ટ્રથી હજારો લિટર દૂધ ભરીને વડોદરા તરફ ધસમસતી MH 17 BD 2034 નંબરની આઈસર ટેમ્પો એક અજાણ્યા ભારે વાહન સાથે પાછળથી એટલી જોરથી અથડાઈ કે આખો હાઈવે કંપી ઉઠ્યો હતો. અકસ્માતમાં ટેમ્પોની કેબિનનો કચ્ચરઘાણ વળી ગયો અને ડ્રાઈવર-કન્ડકટર લોખંડના પિંજરામાં કેદ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ કરજણ નગરપાલિકા ફાયર વિભાગની ટીમ ગણતરીની મિનિટોમાં જીવના જોખમે ઘટનાસ્થળે પહોંચી ગઈ. જવાનોએ જોયું તો દૃશ્ય હૃદયદ્રાવક હતું - ટેમ્પોના પતરા ડ્રાઈવર અને કન્ડકટરના શરીરમાં ઘૂસી ગયા હતા. ફાયર ઓફિસરે તાત્કાલિક હાઈડ્રોલિક કટર અને સ્પ્રેડર મશીન મંગાવીને રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કર્યું હતું. એક તરફ મોત સામે ઝઝૂમી રહેલા કન્ડકટરની ચીસો, બીજી તરફ પતરા કાપવાનો અવાજ અને સતત વહી રહેલું દૂધ. આખો માહોલ ગમગીન બની ગયો હતો. દોઢ કલાક સુધી ચાલેલા ભગીરથ ઓપરેશન બાદ ફાયર જવાનો કન્ડકટરને સુરક્ષિત બહાર કાઢવામાં સફળ રહ્યા. જોકે, ડ્રાઈવરનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. 108ની ટીમે ડ્રાઈવરને મૃત જાહેર કરી, જ્યારે ગંભીર હાલતમાં કન્ડકટરને તાત્કાલિક સારવાર માટે કરજણ સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. આગળ ચાલતું અજાણ્યું વાહન અચાનક બ્રેક મારતા પાછળથી પૂરપાટ ઝડપે આવતો દૂધનો ટેમ્પો તેની સાથે અથડાયો હતો. અકસ્માત બાદ અજાણ્યો વાહનચાલક પોતાનું વાહન લઈને ફરાર થઈ ગયો હતો. કરજણ ફાયર વિભાગના જવાનોની સમયસૂચકતા અને બહાદુરીના કારણે આજે એક જીવ બચી ગયો છે. સ્થાનિકોએ ફાયર ટીમની કામગીરીને બિરદાવી હતી અને તેમને દેવદૂત ગણાવ્યા હતા. હાલ કરજણ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી CCTV ફૂટેજ અને અન્ય ટેકનિકલ પુરાવાના આધારે ફરાર અજાણ્યા વાહનચાલકની શોધખોળ શરૂ કરી છે.

# હરિનગર બ્રિજ પર બે કાર વચ્ચે અકસ્માત : એરબેગને પગલે બચાવ

**ઓવરસ્પીડમાં** ઓવરટેક કરતી વખતે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.23

હરિનગર બ્રિજ પરથી પસાર થઈ રહેલો એક કારચાલક પૂરપાટ ઝડપે આગળ જઈ રહેલી કારને ઓવરટેક કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ દરમિયાન તેણે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા તેની કાર સીધી બીજી કાર સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતના કારણે બંને વાહનોનો આગળનો ભાગ ક્ષતિગ્રસ્ત થયો હતો.

બનાવને પગલે હરિનગર બ્રિજ પર ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા. અકસ્માતના કારણે વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને ટ્રાફિક વ્યવસ્થા સંભાળી હતી.

પોલીસે એક તરફનો ટ્રાફિક ધીમી ગતિએ શરૂ કરાવી વાહનોની અવરજવર ચાલુ રાખવાનો પ્રયાસ કર્યો હતો. અકસ્માતગ્રસ્ત બંને કારને રસ્તાની બાજુએ ખસેડવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. જેમાં એક કારને વધુ નુકસાન પહોંચતાં તેને ક્રેનની મદદથી ટોઈંગ કરીને બ્રિજ પરથી હટાવવામાં આવી હતી.

લગભગ એક કલાકની કામગીરી બાદ ટ્રાફિક પૂર્વવત કરવામાં સફળતા મળી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં અકસ્માતનું મુખ્ય કારણ ઓવરસ્પીડ અને ખોટી રીતે ઓવરટેક કરવાનો પ્રયાસ હોવાનું સામે આવ્યું છે. પોલીસે બંને કારચાલકોના નિવેદનો નોંધ્યા છે અને વધુ તપાસ હાથ ધરી છે. સાથે જ વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અને બ્રિજ પર ધીમી તથા સાવચેતીપૂર્વક વાહન ચલાવવાની અપીલ કરી છે.

### અગાઉની પત્ની સાથે રહેતા પતિ સાથેનો વિવાદ ઉગ્ર બન્યો

# જાહેરમાં 'ત્રિપલ તલાક' બોલી પતિએ છૂટાછેડા આપતા પત્ની બેભાન થઈ ગઈ

**બ્યુટી** પાર્લરમાં પહોંચીને હોબાળો મચાવતા પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરાના પાણીગેટ વિસ્તારમાં રહેતી એક મુસ્લિમ મહિલાને તેના પતિએ બ્યુટી પાર્લરમાં નોકરી દરમિયાન ધસી આવી જાહેરમાં ઝઘડો કરી 3 વખત 'તલાક, તલાક, તલાક' બોલી લગ્ન સંબંધ તોડી નાખ્યો હતો.આ ઘટનાથી આઘાત લાગતા મહિલા બેભાન થઈ ગઈ હતી. સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

પાણીગેટ વિસ્તારમાં રહેતી મહિલાના લગ્ન મુસ્લિમ સમાજના રીત-રિવાજો અનુસાર તથા બાદમાં કોર્ટ મેરેજ દ્વારા સુફીયાન યુસુફભાઈ મન્સુરી સાથે થયા હતા. બંનેના આ બીજા લગ્ન હોવાનું પણ સામે આવ્યું છે. લગ્ન બાદ દંપતી તાંદલજા વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતું હતું. જોકે, સાસરીયાઓના ત્રાસ અને ઘરેલુ વિવાદોને કારણે મહિલાએ ઘર છોડવું પડ્યું હતું.

પછી તેઓ પાલેજ ખાતે રહેવા ગયા હતા, પરંતુ ત્યાં પણ દાંપત્ય જીવનમાં સતત મતભેદો અને ઝઘડાઓ થતા રહ્યા હતા. પરિણામે મહિલા છેલ્લા બે વર્ષથી પતિથી અલગ રહી પોતાના પિતા અને ભાઈ સાથે પાણીગેટ વિસ્તારની વાડી મોટી મસ્જિદ નજીક રહેતી હતી અને બ્યુટી પાર્લરમાં નોકરી કરી જીવન નિર્વાહ કરતી હતી.

પતિ સુફીયાન યાકુતપુરા વિસ્તારમાં રહે છે અને તેની અગાઉની પત્ની સાથે પણ સંબંધ યથાવત છે. થોડા સમય પહેલાં તે મહિલાના પિતાના ઘરે પહોંચ્યો હતો અને ત્યાં ઝઘડો તથા મારામારી કરતાં મહિલાને ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેને સારવાર પણ લેવાનો વારો આવ્યો હતો.

તાજેતરમાં મહિલા શાસ્ત્રી બાગ નજીક આવેલી ફિઝા એકેડમીમાં ફરજ પર હતી ત્યારે સુફીયાન ત્યાં પહોંચ્યો હતો. બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં તેણે જાહેરમાં જ ત્રણ વખત 'તલાક, તલાક, તલાક' ઉચ્ચાર્યા હતા. આ ઘટનાથી મહિલા માનસિક આઘાતમાં આવી બેભાન થઈ ગઈ હતી. હોશમાં આવ્યા બાદ તેને ખબર પડી કે પતિ સ્થળ પરથી જતો રહ્યો હતો. મહિલાની ફરિયાદના આધારે પાણીગેટ પોલીસે ગુનો નોંધી સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે. પોલીસ હવે બંને પક્ષોના નિવેદનો તથા અન્ય પુરાવાઓના આધારે આગળની કાર્યવાહી હાથ ધરી રહી છે.

# મ.સ.યુનિ.ની જર્નાલિઝમ ફેકલ્ટીમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

**એમજેએમસી** અભ્યાસક્રમમાં ડિજિટલ મીડિયા, ટીવી, રેડિયો અને જનસંપર્કનો સમાવેશ

(પ્રતિનિધિ) વડોદરા, તા.23

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા સંલગ્ન ફેકલ્ટી ઓફ જર્નાલિઝમ એન્ડ કોમ્યુનિકેશન દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27 માટે બે વર્ષીય માસ્ટર ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન (MJMC) અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મીડિયા અને કોમ્યુનિકેશન ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે આ એક મહત્વની તક માનવામાં આવી રહી છે.

છેલ્લા 33 વર્ષથી વધુ સમયથી મીડિયા શિક્ષણ ક્ષેત્રે કાર્યરત આ ફેકલ્ટી પત્રકારત્વ અને સમૂહ સંચાર ક્ષેત્રમાં ગુણવત્તાસભર શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમ માટે જાણીતી છે. અભ્યાસક્રમમાં જર્નાલિઝમ, ડિજિટલ મીડિયા, ટેલિવિઝન, રેડિયો, જનસંપર્ક, જાહેરાત, કોમ્યુનિકેશન રિસર્ચ અને મીડિયા મેનેજમેન્ટ જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓને માત્ર સિદ્ધાંત આધારિત જ્ઞાન જ નહીં પરંતુ ઈન્ટર્નશિપ, ફિલ્ડવર્ક, મીડિયા પ્રોડક્શન, સંશોધન પ્રોજેક્ટ અને ઈન્ડસ્ટ્રી ઈન્ટરએક્શન દ્વારા પ્રાયોગિક અનુભવ પણ આપવામાં આવે છે. જેના કારણે વિદ્યાર્થીઓને મીડિયા ક્ષેત્રની વાસ્તવિક કાર્યપદ્ધતિને નજીકથી સમજવાની તક મળે છે.

ફેકલ્ટી ખાતે આધુનિક સ્ટુડિયો, ડિજિટલ લેબ, અદ્યતન ટેક્નોલોજી અને અનુભવી અધ્યાપકગણની સુવિધા ઉપલબ્ધ છે. ઉપરાંત વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ અને કારકિર્દી માર્ગદર્શન પણ આપવામાં આવે છે, જેના કારણે તેઓ મીડિયા, કોર્પોરેટ કોમ્યુનિકેશન, જનસંપર્ક, જાહેરાત અને શૈક્ષણિક ક્ષેત્રમાં સફળ કારકિર્દી બનાવી શકે છે.

પ્રવેશ માટે રસ ધરાવતા ઉમેદવારોને જીકાસ (GCAS) પોર્ટલ મારફતે ઓનલાઈન અરજી કરવાની સૂચના આપવામાં આવી છે.

### રોજિંદા વીજ વિક્ષેપથી બાળકોના અભ્યાસ અને ઘરકામ પર અસર

# લક્ષ્મીપુરામાં વીજ પુરવઠો ખોરવાતા રહીશોમાં આક્રોશ, ડીપીમાં બ્લાસ્ટથી ભયનો માહોલ

**સમસ્યાનો** ઉકેલ નહીં આવે તો જીઈબી કચેરીએ આંદોલનની ચીમકી



(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેરના લક્ષ્મીપુરા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી વારંવાર વીજ પુરવઠો ખોરવાતા રહીશો ભારે પરેશાન થઈ ગયા છે. ખાસ કરીને સાંજના સમયે લાઈટ જતી રહેતી હોવાથી શંકર પાર્ક, શિવમ પાર્ક, નવદુર્ગા પાર્ક, નિત્યાનંદ સોસાયટી, ઈન્દ્રપ્રસ્થ સોસાયટી, ઘનશ્યામ પાર્ક અને યોગ શક્તિ સહિતની અનેક સોસાયટીઓના લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ અચાનક વીજ પુરવઠો બંધ થઈ જાય છે અને કલાકો સુધી પરત આવતો નથી. જેના કારણે બાળકોના અભ્યાસ, ગૃહિણીઓના ઘરકામ તેમજ રોજિંદી કામગીરી પર અસર પડે છે. ગરમીના દિવસોમાં પંખા અને એસી બંધ થઈ જતાં વૃદ્ધો અને નાના બાળકોને વધુ હાલાકી ભોગવવી પડે છે.

રહીશોએ અનેક વખત એમજીવીસીએલના હેલ્પલાઈન નંબર અને સ્થાનિક અધિકારીઓને ફરિયાદ કરી હોવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી. દરમિયાન ગઈ રાત્રે વિસ્તારમાં આવેલા ડિસ્ટ્રિબ્યુશન પોઈન્ટ (ડીપી)માં અચાનક બ્લાસ્ટ થતાં આગ લાગી હતી. આગ બાદ સમગ્ર વિસ્તારમાં અંધારપટ છવાઈ ગયો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ ઘટનાથી લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો.

સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે વિસ્તારમાં વધતા વીજ લોડ સામે જૂના વાયરો અને ઓવરલોડ ડીપી બદલવામાં આવ્યા નથી. હવે રહીશોએ ચેતવણી આપી છે કે જો વહેલી તકે વીજ સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે અને સમગ્ર નેટવર્કની તપાસ કરીને જરૂરી રિપેરિંગ નહીં કરવામાં આવે, તો તમામ સોસાયટીઓના રહીશો ભેગા મળી જીઈબી કચેરી ખાતે આંદોલન કરશે.

### તંત્ર ઘોર નિદ્રામાં એક જ સાંકડી સીડીના ભરોસે સેંકડો વિદ્યાર્થીઓ, ઇમર્જન્સી એક્ઝિટની સુવિધા નથી

# મુક્તિધામ કોમ્પ્લેક્સના ક્લાસીસમાં ફાયર સેફ્ટીના ધજાગરા

**એક્સપાયર્ડ** ફાયર સિલિન્ડર અને ખુલ્લા વાયરોથી અકસ્માતનો ભય, કાર્યવાહી કરવાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.23

સુરતની તક્ષશિલા દુર્ઘટના અને તાજેતરમાં લખનઉમાં બનેલી આગની ઘટનાના પાઠ બાદ પણ વડોદરામાં કેટલાક શૈક્ષણિક કેન્દ્રોમાં ફાયર સેફ્ટીના નિયમોનું પાલન થતું ન હોવાના આક્ષેપો સામે આવ્યા છે. સયાજીગંજ વિસ્તારમાં આવેલા મુક્તિધામ કોમ્પ્લેક્સમાં ચાલતા કેટલાક કોચિંગ ક્લાસોમાં વિદ્યાર્થીઓની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

મળતી માહિતી મુજબ, કોમ્પ્લેક્સના બીજા, ત્રીજા અને ચોથા માળે ચાલતા કોચિંગ ક્લાસોમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે. જોકે સમગ્ર બિલ્ડિંગમાં ઉપર-નીચે જવા માટે માત્ર એક જ સાંકડી સીડી છે. આગ અથવા અન્ય કોઈ ઈમર્જન્સી સ્થિતિ સર્જાય તો વિદ્યાર્થીઓને બહાર નીકળવા માટે વૈકલ્પિક માર્ગ કે ઈમર્જન્સી એક્ઝિટ ઉપલબ્ધ નથી. જેના કારણે કોઈ દુર્ઘટના સમયે નાસભાગ મચવાની અને જાનહાનિ થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

સ્થળ પર ખુલ્લા ઈલેક્ટ્રિક વાયર અને કેબલો પણ જોવા મળતા હોવાના આક્ષેપ છે. ઉપરાંત અગ્નિશામક સિલિન્ડરની સમયમર્યાદા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં તેને રિફિલ કરવામાં આવ્યા નથી. બિલ્ડિંગમાં ફાયર સેફ્ટીના સાધનો પૂરતી સંખ્યામાં છે કે નહીં તે અંગે પણ સવાલો ઊભા થયા છે. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ સુરક્ષાને લઈને ચિંતા વ્યાપી છે. આ સ્થિતિને કારણે આગ જેવી દુર્ઘટનાનો ભય વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ, સંચાલકોનો દાવો છે કે બિલ્ડિંગમાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ છે અને તાજેતરમાં ફાયર વિભાગ દ્વારા પણ તપાસ કરવામાં આવી હતી.







### શહેરમાં શેરીએ-શેરીએ ધમધમતી પ્રી-સ્કૂલો અને ટ્યુશન ક્લાસો, માસૂમોની સુરક્ષા રામ ભરોસે!

શહેરના વિવિધ વિસ્તારોમાં રહેણાંક મકાનો અને કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં મોટી સંખ્યામાં પ્રી-સ્કૂલો અને ટ્યુશન ક્લાસો ચાલી રહ્યા છે. ઘણા સ્થળોએ ફાયર સેફ્ટી, ઇમર્જન્સી એક્ઝિટ અને અન્ય સુરક્ષા વ્યવસ્થાઓ અંગે પ્રશ્નો ઉઠી રહ્યા છે. વાલીઓ અને સ્થાનિકોએ તંત્રને તમામ શૈક્ષણિક સંસ્થાઓનું સઘન સર્વેક્ષણ કરીને સુરક્ષા નિયમોનું પાલન થાય તેની ખાતરી કરવા માંગ કરી છે.

### દોઢ મહિનાથી નળમાંથી કાળું અને દુર્ગંધયુક્ત પાણી આવતા લોકો મુશ્કેલીમાં

# વાડી વિસ્તારમાં દૂષિત પાણીથી રહીશો પરેશાન, કોર્પોરેશન સામે ઉગ્ર રોષ

**સમસ્યાનો** ઉકેલ નહીં આવે તો રોગચાળાનો ભય, તંત્રને રજૂઆત



(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેરના વાડી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી પીવાના પાણીની સમસ્યા ગંભીર બની રહી છે. ખાસ કરીને છેલ્લા દોઢ મહિનાથી પોમલી ફળિયું, ખેડકર ફળિયું, વાડી રંગમહાલ સહિતના વિસ્તારોમાં નળ દ્વારા ગટરમિશ્રિત અને દૂષિત પાણી આવતાં રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ઘરોમાં કાળા રંગનું અને દુર્ગંધ મારતું પાણી આવી રહ્યું છે. ગટરનું પાણી પીવાના પાણીની લાઈનમાં ભળી જતાં આ સ્થિતિ સર્જાઈ હોવાનું મનાઈ રહ્યું છે. આ પાણી પીવા તો દૂર, ઘરકામ માટે પણ ઉપયોગમાં લઈ શકાય તેવી સ્થિતિમાં નથી. પરિણામે લોકોને પીવાના પાણી માટે ખાનગી ટેન્કર અથવા પાણીના જગ ખરીદવાની ફરજ પડી રહી છે.

આ મુદ્દે સામાજિક કાર્યકર પંકજ દર્વેએ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરને લેખિત રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે. તેમણે જણાવ્યું કે નાગરિકો નિયમિત વેરો ભરતા હોવા છતાં તેમને શુદ્ધ અને પીવાલાયક પાણી મળતું નથી, જે ચિંતાનો વિષય છે.

તેમણે ચેતવણી આપી છે કે જો સમસ્યાનો કાયમી ઉકેલ નહીં લાવવામાં આવે તો વિસ્તારમાં પાણીજન્ય રોગચાળો ફાટી નીકળવાની શક્યતા છે. દૂષિત પાણીના કારણે લોકોના સ્વાસ્થ્ય સામે જોખમ ઊભું થયું હોવાથી રહીશોએ તંત્રને તાત્કાલિક યોગ્ય પગલાં ભરવાની માંગ કરી છે.